11

ગુજરાત રાજયની યુનિવર્સીટીઓ પૈકી પાંચ (૫)
યુનિવર્સીટીઓમાં "આંબેડકર ચેર" ઉભી કરવા
માટે વર્ષ ૨૦૧૬-૧૭ ની નવી બાબતને વહીવટી
મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક-અબડ/૧૦૨૦૧૬/૬૩૭૦૫/હ (IWDMS/:- 71550)
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૯/૦૪/૨૦૧૬

વંચાણે લીધાઃ-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ડો. આંબેડકર ફાઉન્ડેશન, નવી દિલ્હીની સુધારેલ ગાઇડ લાઇન
૨. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની તા. ૧૨/૦૨/૨૦૧૬ નો પત્ર ક્ર: અજાક/ગ-૧/૨૦૧૫-૧૬/૩૯૫૭

પ્રસ્તાવના:

ભારત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ડૉ. આંબેડકર ફાઉન્ડેશન, નવી દિલ્હીની ૨૦૧૧થી સુધારેલ ગાઈડ લાઈન મુજબ ડૉ.બાબાસાહેબ ની ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાં "ડૉ.આંબેડકર ચેર" ઉભી કરવા બાબતના સૂચન અન્વયે ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે યુનિવર્સિટીઓ દ્વારા વહીવટી માળખું ઉભુ કરી સેન્ટરોમાં બૌધ્ધિક, શિક્ષણશાસ્ત્રીઓ વિદ્યાર્થીઓને આર્થિક, રાજનીતિ, ધર્મ, તત્વજ્ઞાન, બંધારણીય અભ્યાસ, સામાજિક કાર્ય, માનવ અધિકાર, શિસ્ત વિષયો પર વિચાર વિમર્શ કરી રીસર્ચ કરી સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે તથા શૈક્ષણિક પ્રશ્નોનું નિરાકરણ થાય તથા શૈક્ષણિક વિકાસ થાય અને ચેરનો ઉદ્દેશ ડૉ.બાબાસાહેબ આંબેડકરના કાર્યો અને ફિલોસોપીના રીસર્ચ ઉપરાંત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, લઘુમતિ, પછાત વર્ગો અને અન્ય સમાજના નબળા ભાગોની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવનના પ્રશ્નો માટેનો પણ છે.

પાછળ...

ઠરાવ:

ઉક્ત તમામ હેતુઓ માટે રાજ્યમાં હાલ ૯ (નવ) યુનિવર્સીટીઓ પૈકી નીચે દર્શાવેલ ૫ (પાંચ) યુનિવર્સીટીઓ જેમ કે (૧) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, (૨) હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, (૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, (૪) એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા, (૫) ગુજરાત નેશનલ લો યુનિવર્સીટી, ગાંધીનગર એમ કુલ ૫ યુનિવર્સિટીઓમાં "ડૉ.આંબેડકર ચેર" ઉભી કરવા વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામે દર્શાવેલ નિયામકશ્રી (અજાક) ની તા. ૧૨/૦૨/૨૦૧૬ ની દરખાસ્ત ધ્યાને લઇ સક્રિય વિચારણાને અંતે નીચે દર્શાવેલ મુજબનું યુનિવર્સીટી દીઠ મહેકમ ઉભું કરવાની વર્ષ ૨૦૧૬-૧૭ માં થયેલ બજેટ જોગવાઇ રૂ. ૧૭૫.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | વર્ગ | જગ્યા | પગાર ધોરણ (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | પ્રોફેસર (યુનિ.ના પ્રોફેસર સમકક્ષ) | ૧ | ૧ | ૩૭૪૦૦-૬૭૦૦૦ (ગ્રેડ પે ૧૦,૦૦૦) |
| ૨. | રીસર્ચ અધિકારી (યુનિ.ના લેક્ચરર સમકક્ષ) | ૧ | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦ (ગ્રેડ પે ૫૪૦૦) |
| ૩. | સ્ટેનોગ્રાફર (ગ્રેડ સી) | ૩ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ પે ૪૨૦૦) |
| ૪. | પટાવાળા | ૪ | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રેડ પે ૧૮૦૦) |

ઉક્ત પત્રકના ક્રમ (૧) થી (૨) સામે દર્શાવ્યા મુજબની વર્ગ-૧ ની ૨ (બે) જગ્યાઓ પુરા પગાર ધોરણમાં ઉભી કરવા, ક્રમ (૩) સામે દર્શાવેલ વર્ગ-૩ સ્ટેનોગ્રાફરની ૧ (એક) જગ્યા પુરા પગાર ધોરણમાં પ્રવર્તમાન ફીક્સ પગારથી ઉભી કરવા અને ક્રમ (૪) સામે દર્શાવેલ વર્ગ-૪ પટાવાળાની જગ્યા ઉભી ન કરતા તે અંગેની કામગીરી સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવ અન્વયે આઉટસોર્સથી કરાવવાની રહેશે.

શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

આગળ ચાલુ....

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

(૭) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાં વિભાગના તા. ૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્ર: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૮) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇ ઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઈએ.

પાછળ....

(૧૨) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંભાવવાની દરખાસ્તની મુદત પુરી થતાં પેહલાના એક માસ અગાઉ નાણાંકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગે થનાર ખર્ચ ચાલુ વર્ષમાં થયેલ બજેટ જોગવાઇ માંગણી ક્ર. ૯૫ આયોજન, ડૉ. આંબેડકર ચેર, મુખ્ય સદર ૨૨૨૫ અનુ.જાતિ / આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર ૦૧ અનુ.જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર ૨૭૭ શિક્ષણ, પેટા સદર ૨૭ બીસીકે-અનુ.જાતિ પેટા યોજના ડૉ. આંબેડકર ચેર સદરે થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૦૭/૦૪/૨૦૧૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.બી. વણઝારા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
સર્વે નાયબ નિયામકશ્રીઓ, અનુસૂચિત જાતિ કલ્યાણ (નિયામકશ્રી મારફત)
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ, (પંચાયત), જિલ્લા પંચાયત.( નિયામકશ્રી મારફત)
સેક્શન અધિકારીશ્રી, જ, અને બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતાની વેબસાઈટ ઉપર મૂકવા અર્થે.
સિલેક્ટ ફાઇલ